ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુ. જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે અરજી કરવાની મુદ્દત લંબાવવા બાબત.

સંદર્ભ:- 1) મદદનીશ કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંક નં. મક/આવિ/રાજ/૨૦૨૫-૨૬/૨૯૬૯થી ૨૬૭૦ તા. ૧૯/૧૨/૨૦૨૫

2) નં./આવિ/શિક્ષણ/ફા.નં. ૧૪૫૧/૨૦૨૫/૧૮૩૭ થી ૧૮૬૨ તા. ૧૯/૧૨/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુ.જનજાતીના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફ્રોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફ્રોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય તેમજ વિદ્યાર્થીથી શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય, તેવા તમામ અનુ.જનજાતીનાં પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તા.૨૦/૧૨/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ હોઈ તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

૨૨/૧૨/૨૦૨૫

ડીરેક્ટરશ્રી
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/શિષ્યવૃત્તિ/૯૮૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦/ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

નં. મક/આવિ/રાજ/૨૦૨૫-૨૬/ ૨૯૫૮ થી ૨૯૭૦

મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી,

બ્લોક નં.૧, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-3,

સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ.

તા.૧૯/૧૨/૨૦૨૫

પરિપત્ર

આથી વડી કચેરીના પત્ર નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૪૫૧/૨૦૨૫/૧૮૩૭ થી ૧૮૬૨ તા. ૧૯/૧૨/૨૦૨૫ થી રાજકોટ, મોરબી, જુનાગઢ, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટે આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિધાર્થીઓ કે જેઓને કોઈ કારણસર ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિ માટે ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ છે અથવા શિષ્યવૃતિ માટેના ફોર્મ ભરેલ હોય પરંતુ શાળા/કોલેજ/સંસ્થા લોગિનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય, તેવા તમામ વિધાર્થિઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તા. ૨૦/૧૨/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ સમયગાળા દરમ્યાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન થનાર હોઈ આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા અને ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ અનુ.જનજાતિના વિધાર્થીઓને સમય મર્યાદામાં ફોર્મ ભરવા સુચના આપવાની રહેશે. ઉપરાંત પોર્ટલ રી-ઓપન થયાની બહોળી પ્રસિધ્ધિ માટે આપની શાળા/કોલેજ/સંસ્થાના નોટિસ બોર્ડ પર વિગતો મુકવી.

વધુમાં જણાવવાનું કે અનુ.જનજાતિના વિધાર્થીઓને શિષ્યવૃતિ મેળવવા વિધાર્થીના રેશનકાર્ડ ઈ-કેવાયસી તથા આધાર ઈ-કેવાયસી, ઓ.ટી.આર. નંબર ફરજીયાત હોઈ અને મર્જ થયેલી બેંકોના નવા IFSC કોડ દાખલ કરી વિધાર્થીએ સદરહુ પ્રક્રિયા પૂર્ણ કરી શિષ્યવૃતિના ફોર્મ ભરવા જણાવવામાં આવે છે.

મદદનીશ કમિશ્નર(તકેદારી)

રાજકોટ

પ્રતિ,

૧) આચાર્યશ્રી/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજિસ્ટ્રારશ્રી...................... ....ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, .......................... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

# નિયામક, આદિજાતિ વિકાસની કચેરી

બિરસા મુંડા ભવન, સેકટર – ૧૦એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોન :૦૭૯–૨૩૨–૫૪૧૮૩ E-mail ID : ctdgujarat@gujarat.gov.in


સત્યમેવ જયતે

નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૪૫૧/૨૦૨૫/૧૮૩૭ થી ૧૮૫૨ તા.૧૯/૧૨/૨૦૨૫

પ્રતિ,

1. પ્રાયોજના વહીવટદારશ્રી,
   પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી,
   (અરવલ્લી, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, વલસાડ, બનાસકાંઠા, ભરૂચ, પંચમહાલ, મહિસાગર, નવસારી, સાબરકાંઠા, ડાંગ)
2. મદદનીશ કમિશનરશ્રી,
   મદદનીશ કમિશનરશ્રીની કચેરી,
   (અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર)
3. આદિજાતિ વિકાસ અધિકારીશ્રી,
   ભૂજ/ કચ્છ

**વિષય :–** વર્ષ:૨૦૨૫–૨૬ની અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / ફુડબીલ સહાય / સાધન–સહાય / ITI સ્ટાઈપેન્ડ / એમ.ફીલ–પી.એચડી ફેલોશીપ આપવાની યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે. અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ:૨૦૨૫–૨૬ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ તમામ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન તા. ૩૦/૦૯/૨૦૨૫ સુધી મેળવવા જણાવેલ.

હાલની સ્થિતિએ વર્ષ:૨૦૨૫–૨૬ માટે મળનાર અરજીઓ ઓછા પ્રમાણમાં મળેલ છે. તેમજ મળેલ રજુઆતો મુજબ અમુક અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ થતી હોય છે જે ધ્યાને લઇ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫–૨૬ માટે વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન મેળવવાની સમયમર્યાદામાં તા:૨૦/૧૨/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ સુધીનો વધારો કરવામાં આવે છે.

તેથી તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આપના તાબા હેઠળની સંબંધિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓને પરિપત્ર કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં થયેલ સમયમર્યાદામાં વધારાની જાણ કરવા જણાવવામાં આવે

છે. તેમજ સંસ્થાને કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિના લાભથી વંચિત ન રહે તેની તકેદારી રાખી નિયત સમયમર્યાદામાં અરજી કરે તેની પણ જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

1. માન. અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ બ્લોક-૪, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગરને જાણ સારૂ
4. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, જૂના સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા, જુના સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.
6. SIO, સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલની અત્રેના ખાતાની શિષ્યવૃતિ યોજનાઓને સુચારૂ રીતે ઓનલાઇન કાર્યરત કરવા સારૂ.